






ઉતરેલ ઘોડા ચારે બાજુથી પોંખાય છે,
સાંભળે ન કોઇ તેથી બ્લોગમાં લખાય છે,
નંખાય છે વખારમાં જ નડતાં વડીલો -
બોલે છે એના કરતાં વધારે બફાય છે..
(શ્રી અડવાણીએ શબ્દો પાછા ખેંચ્યા)

મતના દૂધે
ઉછેર્યો અજગર -
બોડો ભીંસમાં..
(આસામ સમસ્યા)

અંકૂશ જાપ્તે
આવ્યું 'પરિવર્તન'
વિચારણાં..
(પીપી તરફ પ્રવાહ)




## ચિંતન

**વિપનો કિં વિષાદેન સંપતૌ હર્ષણેન કિમ્ ।**
**ભવિતવ્યં ભવત્યેવ કર્મણામીદશી ગતિઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'નસીબનો મહિમા' નો આ શ્લોક છે :

'આપત્તિ આવે ત્યારે ખેદ-શોક, દુઃખ વ્યક્ત કરવાથી શું? અને ધન-સંપત્તિ આવતાં હર્ષ પામવાથી શું? જે કાળે, જે કંઇ થવાનું હોય કે ન થવાનું હોય તે તે મુજબ થયા કરે છે. કર્મોને ગતિ-ન્યાય જ એ પ્રકારનો છે.'

કેટલીય વાર આપણે કરેલી કલ્પના આયોજન-વિચારણા પ્રમાણે એવી ઘટના કે સફળતાઓ મળતી નથી અને ધાર્યા કરતાં વિપરિત જ પરિણામે આવતાં હોય છે પરિણામે માણસ દુઃખ અને હતાશા સાથે ભાંગી પડે છે.

તો વળી કેટલીક વાર દુઃખ અને આપત્તિમાં ભાંગેલો માણસ બધી બાબતે નિરાશ થઇ હારી ગયો હોય છતાં અચાનક કોઇ એવી સહાય મળી જાય કે જેના વિશે ધાર્યું-વિચાર્યું પણ ન હોય અને અચાનક કલ્પનાથી વિશેષ સિદ્ધિ-સફળથા પ્રાપ્ત થઇ જાય છે.

આમ આપત્તિ-નિષ્ફળતામાં હતાશ થઇ દુઃખી થવાનો કોઇ અર્થ નથી અને સુખ-સંપત્તિની સફળતામાં ખૂશ-ખૂશાલ થઇ બહેકી જવાનો કોઇ અર્થ નથી; કારણ કે એ બધું ભાગ્યવશ જ થયા કરે છે.

## સુવિચાર

- ઇશ્વર તો બધે જ છે, પણ તેના માર્ગમાં પંથો અને સંપ્રદાયોની ઝાડી એવી ઊગી ગઇ છે તેના સુધી પહોંચવાનું વિકટ થઇ ગયુ છે **- લીઝેટ રીર્સે**
- આ સંસારમાં કોઇ તત્ત્વો ખરાબ નથી, જો અહીં શેતાન છે તો ઇશ્વરીય તત્ત્વ પણ છે જ **- વિવેકાનંદ**
- ઇશ્વર આપણા પક્ષે છે કે નહીં એની ચિંતા કર્યા વિના તમે ઇશ્વરના પક્ષે જ રહો **- અબ્રાહમ લિંકન**
- પ્રત્યેક પ્રાણીમાં પ્રભુનો વાસ છે તેથી કોઇનું દિલ દુભાય એવાં કટુ વચન કહેવાં નહીં **- કબીર**
- ઇશ્વરના ચૂકાદા સર્વદા સાચા અને ન્યાયપૂર્ણ જ હોય છે **- ટિલક**
- મોજશોખને નહીં, પ્રભુને ચાહો **- કર્વાઇક**
- પ્રભુ પ્રેમ સ્વરૂપ છે જે પ્રેમમય જીવે છે તેમાં પ્રભુ વસે છે અને એ જ પ્રભુમાં વસે છે- **નિત્સે**

## બોધ કથા

આપણે શાક-ભાજી જેવી વસ્તુ લેવાની હોય તો 'ચોક્કસ' ગૃહિણીઓ સૂંઘી સૂંઘીને ટોકરીમાં ભેગી કરે, માટલું લેવું હોય તો ટકોરા મારી મારી ખોખરું થઇ જાય ત્યાં સુધી ટપારે કરે, પપૈયાં પણ સૂંઘે. ભગવાન માટેની અગરબત્તી પણ પહેલાં જાતે જ સૂંઘી લે.. અને કારણે એકવાર હું નાળિયેર લેવા ગયો ત્યારે સૂંઘીને લેતાં હાસ્યને પાત્ર ને થયો તે વધારામાં..

રવિશંકર મહારાજે આ સંબંધમાં અને સંદર્ભમાં જ આપણા કર્મચારી-પ્રધાનો-વેપારીઓને કહ્યું છે કે જેમ નાની નાની ખરીદીમાં પણ આપણે સૂંઘીને વસ્તુ ઘરમાં લાવીએ છીએ તેમ, જયારે આપણા ઘરમાં લક્ષ્મી લાવીએ ત્યારે પણ સૂંઘીને આવતાં શીખો!

જે પૈસો (પગાર કે પરિશ્રમ કે હક્કનો નથી) તેને પૂછથાં શીખો, તેને સૂંઘીને પૂછો આ હું કેવી રીતે લાવ્યો, મહેનતની કમાઇ છે? નિષ્ઠા અને સત્યની છે? નીતિ-ધર્મ અને પ્રમાણિકતાનું પરિણામ છે? છળકપટ કે દબાણથી વસૂલ કરેલું નાણું છે? આ વિચાર એ 'લક્ષ્મી'ને સૂંઘવાની રીત છે..

જે કંઇ કમાયા-લૂંટી લાવ્યા તે બધું ઘરમાં ન ઘાલીએ-સૂંઘીને લેવામાં જ સુખ છે.

# ગ્રીનરૂમમાં હંમેશા અંધારું જ હોય છે

## સૌમ્યની કવિતા એટલે નક્કરતાની કવિતા... વિષયોમાં વિવિધતા આવે, હકીકતોને રણકો પણ વાગે... ભેંસ પર પણ કવિતા લખે અને ભગવાન પર પણ...

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

એ કવિતા પણ લખે છે... થોડા વખત ઉપર ગાંધીનગર ટાઉનહૉલમાં થયેલ એક. કવિ સંમેલનનાં સંચાલકનાં શબ્દોમાં કહુ તો... નાટકને ટાંકણી મારીએ ને પછી જો લોહી બહાર આવીને થીજે તે તેમની કવિતા. બીજા એક વિખ્યાત કવિ - સંપાદકે કહ્યું કે, તેમનાં નાટકમાં કવિતા છે અને કવિતામાં નાટક... કદાચ આટલાં ટૂંકા પરિચય પછી તેમનાં ચાહકો તો તેમને આટલાં ટૂંકા પરિચય પછી તેમનાં ચાહકો તો તેમને ઓળખી ગયા હશે અને ભાવકો અણસાર પામી ચૂક્યા હશે... વાતાવરણને ઈલેક્ટ્રીફાય કરી નાખે તેવો પડછંદ ગુંજતો અવાજ... ઝભ્ભા લેંઘાધારી સફેદ કેશવાળી ધરાવતાં કવિઓની વચ્ચે જિન્સ-ટી શર્ટમાં બેબાક અંદાજ... સૌમ્ય જોષી.

સૌમ્ય જોષીનાં અવાજમાં કવિતાનો વિસ્ફોટ થાય છે... કવિનું નામ સૌમ્ય છે. પણ કવિતા કઠોર છે... સપનાની ફુલગુલાબી મખમલી દુનિયાની કવિતાઓ વચ્ચે ધસમસ વહેતો - ઉફનતો સલ્ફયુરીક દરિયો છે... અને આ કવિતાઓ વાંચ્યે તો મજા આવશે. પણ સૌમ્ય જોષીનાં લલકારમાં આ કવિતા આત્માને ભેદી નાખે છે...

એક ગઝલમાં લખે છે,

આંખ બીડી હાથ બે ભેગા કરી
એક ઈચ્છા આવવાને કરગરી
ચોતરફ રખડ્યો ને કયાંકે ન મળી
એક પણ છાંટા વગરની એક છરી
આઠ દસ મહોરાઓ પહેર્યા કેમ તે?
એ ભલા માણસ તું માણસ કે હારે?

સૌમ્યની કવિતા એટલે નક્કરતાની કવિતા... વિષયોમાં વિવિધતા આવે, હકીકતોને રણકો પણ વાગે... ભેંસ પર પણ કવિતા લખે અને ભગવાન પર પણ...

વાવ પરથી થોડીક રચનાઓ...

''લીલ બાઝી ગઈ છે વાવનમાં પાણી પર,
એની માને,
તરસની આળસ તો જો.''

અને પછીની એક લઘુ રચનાનું કેન્દ્ર સોડાવાળો છે.

રેસો સોડા-લેમન વાળો લારી
બંધ રાખીને પત્ની સાથે વાવ
જોવા આપ્યો છે

આજે એટલે જ તો બધા તપસ્યા છે વાવમાં વિષય અને શબ્દોમાં એક સરળતા છે.. અઘરી કવિતા લખી એ બહુ જ સરળ કામ છે; જયારે સરળ કવિતા લખવી એ બહુ જ અઘરું... અને જાણે તે જ વાતનો પડઘો પાડી રહ્યા હોય તેમ લખે છે...

સરળ છું ને સરળ રીતે જ મારે વાત કહેવી છે
સુભાષિત સમી ઊંચાઇ તો આવી નથી ગઇ ને
લખીને બે ઘડી રોકાઉં છું હું એટલું જોવા,
ભૂલમાં લોહી બદલે શાહી તો નથી આવી ગઇ ને...
આ માણસ લોહીથી કવિતા લખે છે.

સુખ દુઃખની દોસ્તીનું અછાંદસ તેમની લોકપ્રિય કવિતાઓમાંથી એક કવિતા છે... જેની ફરમાઈશ કવિ-સંમેલનો કે કાર્યક્રમોમાં ઘણીવાર થતી રહેતી હોય છે તે કવિતાનાં કેટલાંક અંશો...

સુખનું કદ ઠીંગણું
પાતળો બાંધો
રંગ ઘઉંવર્ણો
શરદીનો કોઠો
શ્વાસની તકલીફ
સ્વભાવ ભોળો
આંખો બીકણ
શરીર ઘોડિયેથી જ માંદલુ
અને રિસાવાની તાસીર
દુઃખનાં બાવડાં તગડાં
કદ ઊંચું
હાત લાંબા
બુધ્ધિ ઘણી
બોલવાનું ઓછું પણ કરવાનું નામ નહીં
ગમે ત્યાં ઘૂસવાની હિંમત
ઘરે ઘર જેવું

આ કવિતા નાટ્યાત્મક છે. તેની આગળની લીટીઓનો ઉલ્લેખ પણ ટાળી શકાય નહીં. આગળ જતાં સુખ-દુઃખ વચ્ચે ઝઘડો થાય છે તેના માટે લખે છે.

'આમ તો મોટો ભાઈ કૉલેજ બંક કરીને એકલો પિકચર જોઈ આવે

ત્યારે નાનો ભાઈ કરે ને એ ટાઇપનો કજિયો.'

બીજી એક અછાંદસ રચના ઘઉંની ગૂણ ઉપાડતા મજદૂર પર છે. જેનું શીર્ષક છે કેટલાક તડકા આકરા હોય છે...

આ રચનામાં...

''કચ્ચીને દાઝ કાઢતી'' કપચી છે, મેલા હાથોમાં પકડેલું 'એડરેશ' છે, 'ચસ્માવાળો કૉલેજિયન' છે અને 'સૂરજ' છે.

'શબરી' શીર્ષક હેઠળની એક ગઝલમાં તેઓ શબરીની પ્રતિક્ષા અને વનવાસનો અદ્ભૂત સંબંધ દર્શાવે છે, લખે છે,

''સાચે તો વનવાસ થવાનો ત્યારે મૂરો,
વાટ નીખરવાનું છોડી દેશે જયારે શબરી.''

તો બીજી તરફ ઈશ્વર નામની ગઝલમાં પણ હકીકત પાણી પર આગનો રેલો ચાલે એમ ચાલે છે.

ઠોકરની સાથે નામ તુજ લેવાય છે ઈશ્વર
કેવો તું અકસ્માતથી સર્જાય છે ઈશ્વર

ઈશ્વરને પણ અકસ્માત ગણતો આ ગઝલકાર છેલ્લે અદ્ભૂત શૅર મૂકી જાય છે...

એનામાંય હુંય માનતો થઈ જાઉં છું ત્યારે, મારામાં જયારે માનતો થઈ જાય છે ઈશ્વર.

સૌમ્ય જોષી એટલે પ્રયોગાત્મક કવિતા.. અત્યાર સુધી કવિતાઓ વાંચવાની - બોલવાની કળા હતી, આ કવિએ તેને સાંભળવાની કળામાં ફેરવી નાખી છે... ભગવાન મહાવીર અને જેઠો ભરવાડ તથા કૂતરૂં જેવી નોખી કવિતાઓ સાંભળીએ તો શબ્દો રૂંવાડાથી હૃદય સુધી પહોંચે...

સૌમ્ય જોષીની કવિતા એ અંધારામાં મશાલ સળગવા જેવી - સળગવા અંગારા જેવી લાલ - તલવારની ધાર પરથી સરકતા રક્તબિંદુ જેવી ઘટના છે... છેલ્લે તેમના જ શબ્દોમાં...

આ જ મારી કાયમી ભીનાશનું કારણ કહું
એક નદી મારા સુધી આવી અને ફંટાઇ ગઇ.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૦મી ઓગષ્ટ**

- દીન-દુખિયાંની સેવિકા કરૂણામૂર્તિ મધર ટેરેસાનો જન્મ ૧૦-૮-૧૯૧૦.



કલકત્તાને જ પોતાનું સેવા કેન્દ્ર બનાવનાર મધર ટેરેસાએ ૩૦ જેટલાં દેશો સુધી પોતાની સેવા પ્રવૃત્તિ વિસ્તારી, મેગ્સેસે એવોર્ડ, પોપ શાંતિ પુરસ્કાર, ટેમ્પલટન એવોર્ડ, સંત ફ્રાન્સિસ એવોર્ડ નોબેલ પારિતોષિક અને ભારત રત્ન જેવા માન-સન્માન મેળવનાર મધરનું અવસાન ૧૯૯૭માં થયું.

- મહાન સંગીતજ્ઞ નારાયણ ભાતખંડેનો જન્મ - ૧૮૬૦.
- સુંદરજી બેટાઇનો જન્મ ૧૯૦૫.
- ગુજરાતી નવલકથાકાર, વાર્તાકાર પીતાંબર પટેલનો જન્મ ૧૯૧૮.
- નિષ્ઠાવાન પત્રકાર - લેખક ઇચ્છારામ સૂર્યારામ દેસાઇનો જન્મ ૧૮૫૩.



# એન.સી.ઈ.આર.ટી. ની સ્થાપના કયારે થઈ હતી ?

### વિષય : શિક્ષણ જગત

(૧) એન.સી.ઈ.આર.ટી. ની સ્થાપના કયારે થઈ હતી?
(અ) ૧૯૬૧ (બ) ૧૯૬૫
(ક) ૧૯૭૦ (ડ) ૧૯૭૫

(૨) કોણે મુક્ત શિક્ષણની હિમાયત કરી છે?
(અ) ગિજુભાઈ બધેકા (બ) ગાંધીજી
(ક) રવિન્દ્રનાથ ટાગોર (ડ) ઉપરના બધા

(૩) બાલ કેન્દ્રી શિક્ષણની હિમાયત કોણે કરી હતી?
(અ) વલ્લભભાઈ પટેલ (બ) નહેરૂ
(ક) ગાંધીજી (ડ) સુભાષચંદ્ર બોઝ

(૪) મૂળ ઉદ્યોગને શિક્ષણનું માધ્યમ બનાવી શિક્ષણ દ્વારા સ્વાવલંબનની હિમાયત કોણે કરી હતી?
(અ) વિનોબાજીએ (બ) કોઠારી પંચે
(ક) ગાંધીજીએ (ડ) મોન્ટેસરીએ

(૫) રાષ્ટ્રના વિકાસ અને સમૃધ્ધિનો આધાર તેના કાર્યકુશળ અને પ્રતિબધ્ધ માનવધન પર રહેલો છે તેવું કહેનાર કોણ હતા?
(અ) રવિશંકર મહારાજ (બ) વિનોબાભાવે
(ક) કાકાસાહેબ કાલેલકર
(ડ) મનુભાઈ પંચોળી




(૬) યુનિસેફનું વડુંમથક કયાં આવેલું છે?
(અ) જીનિયા (બ) વૉશિંગ્ટન
(ક) લંડન (ડ) પેરિસ

(૭) જિલ્લા શિક્ષણ તાલીમ ભવનની શરૂઆત કયારે થઈ હતી?
(અ) ૧૯૯૧ (બ) ૧૯૯૩
(ક) ૧૯૯૫ (ડ) ૨૦૦૦

(૮) શિક્ષકે વ્યવસાયિક સજ્જતા કેળવવા કયા ગુણો વિકસાવવા જોઈએ.
(અ) વિષયવસ્તુનું જ્ઞાન (બ) પ્રભાવક રજૂઆત
(ક) બાલ મનોવિજ્ઞાનનું જ્ઞાન (ડ) ઉપરનાં બધાં

(૯) જીસીઈઆરટીની સ્થાપના કયારે થઈ હતી?
(અ) ૧૯૯૫ (બ) ૧૯૮૮
(ક) ૧૯૮૧ (ડ) ૧૯૯૧

(૧૦) સારૂં શિક્ષણ એ કોઈ પણ શૈક્ષણિક આયોજનની આધારશીલા છે, જયારે દૃશ્ય-શ્રાવ્યની તાલીમ અને તેનાં ઉપકરણો એ આધારશીલા મહત્ત્વના ભાગો છે. આ કયાં શિક્ષણકારના વિચારો છે?
(અ) વિનાબો ભાવે (બ) ફ્રન્સિસ નોએલ
(ક) રવિશંકર મહારાજ (ડ) ગાંધીજી

(૧૧) માનવજીવનની સમસ્યાઓ ઉકેલવામાં કોણ સહાયરૂપ બને છે?
(અ) ટેકનોલોજી (બ) ટી.એલ.એમ.
(ક) શાળા (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

(૧૨) એલ.સી.ડી.નું પુરૂનામ જણાવો
(અ) લિક્વીફાઈટ ક્રિસ્ટલ ડીસ્પ્લે (બ) લિક્વીફાઈટ કોમ્પેક્ટ ડીસ.
(ક) લો ક્રિસ્ટલ ડિઝીટલ (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

(૧૩) શિક્ષણના ધ્યેયો સિધ્ધ કરવાની પ્રણાલી કઈ છે?
(અ) સંદર્ભ સાહિત્ય (બ) પાઠ્ય પુસ્તક
(ક) શૈક્ષણિક ટેકનોલોજી (ડ) ટી.એલ. એમ.

(૧૪) કયા પ્રોજેક્ટરને સન્મુખ દર્શન પણ કહે છે?
(અ) સ્લાઈડ પ્રૉજેક્ટર (બ) એલ.સી.ડી. પ્રૉજેકેટર
(ક) ફિલ્મ સ્ટ્રીપ પ્રૉજેક્ટર (ડ) ઑવર હેડ પ્રૉજેક્ટર

(૧૫) જે શાળામાં જેટલા ધોરણ હોય અને તેટલા જ શિક્ષકો હોય તેવી શાળાને કેવી શાળા કહેવાય છે?
(અ) સામાન્ય શાળા (બ) એક શિક્ષણકવાળી શાળા
(ક) બહુશ્રેણીક શાળા (ડ) પૂર્ણ શાળા

### ● વિવિધા ●

**વિષય :- વિશ્વના સૌથી વધુ વિસ્તાર ધરાવતા દેશો**

| દેશ | ખંડ | વિસ્તાર (ચો.કિ.મી.માં.) |
|---|---|---|
| રશિયા | એશિયા-યુરોપ | ૧,૭૦,૭૫,૦૦૦ |
| કેનેડા | ઉત્તર અમેરિકા | ૯૯,૭૦,૧૩૯ |
| ચીન | એશિયા | ૯૫,૭૨,૦૦૦ |
| યુએસએ | ઉત્તર ઉમેરિકા | ૯૩,૭૨,૬૧૪ |
| બ્રાઝિલ | દક્ષિણ અમેરિકા | ૮૫,૧૧,૯૬૫ |
| ઓસ્ટ્રેલિયા | ઓસ્ટ્રેલેશિયા | ૭૬,૮૨,૩૦૦ |
| ભારત | એશિયા | ૩૨,૮૭,૭૮૨ |
| આર્જેન્ટિના | દક્ષિણ અમેરિકા | ૨૭,૭૯,૬૫૪ |
| કઝાખસ્તાન | એશિયા | ૨૭,૧૭,૩૦૦ |
| સુદાન | આફ્રિકા | ૨૫,૦૫,૮૧૩ |

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - કેન્દ્રમાં કયા દલિત નેતાને ગૃહમંત્રી બનાવવામાં આવ્યા?
જવાબ - સુશીલકુમાર શિંદે

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઈન્ફોસીટી જુનિ.સાયન્સ કૉલેજ
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૬) પટેલ આકાશ. જી : સે-૨૩

### ● પૂછું એક સવાલ...!

(૧) મેઘા પી. આચાર્ય : સે-૩૦થી
પ્રશ્ન - કાર્બોદિત પદાર્થ કઈ વાનગીઓમાંથી મળે છે?
જવાબ - ભાત, ઈડલી, રોટલી, પુરી, બટાટા, ગોળ, મધ, ખાંડ, બ્રેડ વગેરેમાંથી.

(૨) કાવ્યા એલ. સોની : સે-૧૯થી
પ્રશ્ન - કયુ પક્ષી સૌથી વધુ ઝડપી ઉડે છે.
જવાબ - ફ્રિગેટ

(૩) પટેલ દીપ બી. : સે-૪થી

● અનુસંધાન છઠ્ઠા પાને

# પોતાનો સ્વાર્થ ભૂલીને બીજાનો વિચાર કરવાની ટેવ પાડીએ

બાળમિત્રો,

આજે જન્માષ્ટમી છે. કાનુડાની ઠેર ઠેર પૂજા થશે. એનો જન્મોત્સવ ઉજવાશે.

કાનુડાની તમે ઘણી વાતો જાણતા હશો. એનાં બાળપણનાં પરાક્રમોની અને તોફાની. કાનુડાએ પોતાનાં બધાં તોફાનો કર્યા પણ સાથે મિત્રોનું ખૂબ ધ્યાન રાખ્યું. એમાંયે સાંદિપની મુનિના આશ્રમમાં પોતાની સાથે ભણતા ગરીબ મિત્ર સુદામાનું તો ખૂબ ધ્યાન રાખીને, સુદામા જાણે નહીં તે રીતે તેને ખૂબ સાહ્યબી આપી અને તેનું સન્માન કર્યું. તે તમારા માટે ખૂબ જાણીતી વાત છે.




તમે પણ તમારા મિત્રોમાં સારા દિલથી અંગત રસ લેતા થાઓ. તેના વિચારો જાણીને તમારી પોતાની દૃષ્ટિ પણ ઉદાર બનશે. તેની મુશ્કેલીઓ સમજી બને તેટલા મદદરૂપ બનશે. તેની મુશ્કેલીઓ સમજી બને તેટલા મદદરૂપ થવા પ્રયત્ન કરો. તો તમારો આનંદ બેવડાઈ જશે. જેમ જેમ તમે પોતાનો સ્વાર્થ ભૂલીને બીજાનો વિચાર કરવાની ટેવ પાડશો તેમ તેમ તમારા વ્યક્તિત્વનો વિકાસ થશે. કેમ કે જેમ જેમ વ્યક્તિ બીજાનો વિચાર કરી તેની આસપાસ ફરતો જાય છે તેમ તેમ તેનું મન વિશાળ બનતું જાય છે.

જેવી રીતે માટલાનું પાણી માટલામાં જ રહે તો તે બંધિયાર અને શાંત લાગે પણ તેને નદીમાં ઢોળવામાં આવે તો તેનામાં ગતિ આવી જાય છે અને વિશાળતા આવી જાય છે.

તો તમે પણ મિત્રો માટે ઉદાર અને નિઃસ્વાર્થ બનો. તમારી શક્તિઓ વિશાળ બનશે.

### મોજીલા મસ્તરામ

આપો જોઈએ જવાબ :
પોષ મહિનામાં કેવી પડે ઠંડી?
ભલેને પહેરો બંડી માથે બંડી, તોય દાઢી ડગડગ
થાય! ને ઘરમાં ઘૂસી જવાય!
પણ એક મસ્તરામ એવાં કે -
એમનું ન મળે ઘર કે
એમનું ન મળે કુટુંબ!

ખભે થેલકી લઈને ગામેગામ ઘૂમે, મળે એને મોજ કરાવે ને પોતે તો મોજથી જ રહે. એને ઘણી બધી ચીજો વગર ચાલે. ખૂબ ખપતી ચીજ થેલકીમાં રાખે. કોઈ કાંઈ આપે તે વધારાનું લાગે તો દઈ દે બીજાને.

આવા મસ્તરામ પોષ મહિનાની ટાઢમાં ભાવનગર શહેરના કોઈ ખૂણા ખાંચરામાં સૂતા હતા. ઊંઘ આવી ગઈ હતી ઘસઘસાટ.

એ વખતે શહેરના રાજા ત્યાંથી નીકળ્યા. એમણે જોયું કે મસ્તરામ ટૂંટિયું વાળીને લંગોટી ભેર સૂતા છે.

મસ્તરામ પાસે નથી ઓઢવાનું
મસ્તરામ પાસે નથી પાથરવાનું

દયાળુ રાજાને દયા આવી. ધીમે પગલે મસ્તરામ પાસે ગયા. અને પોતે ઓઢેલી મોંઘી સાલ મસ્તરામને ધીમેકથી ઓઢાડી દીધી. મસ્તરામને ખબરેય ન પડી. રાજાજી દબાતે પગલે નીકળી ગયા.

થોડીવાર પછી મસ્તરામ જાગ્યા. જોયું તો સુંદર શાલ કોઈ એમને ઓઢાડી ગયું હતું!

મસ્તરામને થયું : આ શાલને મારે કયાં સાચવવી? મારી થેલકીમાં સમાય એમ નથી. અને મારાથી ટાઢ સહન થાય છે. માટે લાવ, કોઈ ટાઢમાં કંપતુ હોય તો તેને ઓઢાડી દઉં! કોને ઓઢાડું?

મસ્તરામે આજુબાજુ નજર ફેરવી. બાજુમાં એક બુઢ્ઢો ટાઢમાં થરથરતો હતો. એને શાલ ઓઢાડી દીધી. આવા હતા મસ્તરામ!

### કોણ

કોણ કરે છે દિવસ રાત,
સમજાવો એમને આ વાત.
બંને વચ્ચે ના છે વાદ
દિવસે સૂરજ, રાતે ચાંદ.
કોમ કહો વરસાવે જળ
કોણ પવનમાં પૂરે બળ
કોણ ફૂલોમાં પૂરે રંગ
ને સિંચે મીઠી સુગંધ

**- હરીશ પંડ્યા**

### આ ચિત્રમાં રંગ પૂરો

